આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-09-04-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# મહિલાઓની મતદાનમાં સહભાગીતા વધારવા વિશેષ પ્રયાસો

રાજ્યના **13** હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં કુલ મતદાન **50** ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ **13** હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. આ મતદાન મથકો પર મતદાનનું પ્રમાણ વધે, તે માટે ગ્રામીણ કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીઓ અને શહેર કક્ષાએ નાયબ મ્યુનિસિપલ કમિશનર્સની, મતદાન અમલીકરણ યોજનાના નોડલ ઓફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાજ્યના તારવી કઢાયેલા લગભગ **13** હજાર મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે રાજ્યભરમાં મતદાન કરવા અનુરોધ કરતી **20** લાખથી વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે.

આ ઉપરાંત ઓછા મતદાનના કારણો અંગે ચર્ચા કરવા તેમજ મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટેના પ્રયાસો કરવા તમામ મતદાન મથકો પર ચૂંટણી પાઠશાળાનું આયોજન કરવા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશ અપાયા છે.

**RNU** અમદાવાદ

---

## સૂર્યગ્રહણ

વર્ષના પ્રથમ અને 54 વર્ષ પછી લાગેલા પૂર્ણ સૂર્યગ્રહણની સૌથી વધુ અસર અમેરીકામાં થઈ હતી. જયા સવારનો સમય હોવાથી 12 રાજ્યોમાં 4 મિનિટ અને 28 સેકન્ડ સુધી ધોળા દિવસે અંધારુ છવાયું હતું. પૂર્ણ સૂર્યગ્રહણની શરૂઆત સૌથી પહેલા મેક્સીકોના ઈસ્લા સોકોરોમાં થઈ હતી. કેનેડામાં પણ સવારે 5 વાગ્યાથી શરૂ થયેલ આ ગ્રહણને નિહાળવા લોકોની કતારો લાગી હતી. 5 કલાક અને 10 મિનિટ સુધીનું આ પૂર્ણ સૂર્યગ્રહણ 54 વર્ષ પહેલા 1970માં અમેરીકામાં દેખાયું હતું. હવે 54 વર્ષ પછી 2078માં જોવા મળશે.

**N.P**

---

## 7મી મેના રજા અંગે જાહેર પરિપત્ર

**રાજય સરકારે 7મી મે 2024ના દિવસે જાહેર રજાની જાહેર કરી છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1951ના 135ના આદેશથી પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ દિવસે રાજયમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન યોજાશે.**

**સરકારની આ જાહેરાત રાજયની તમામ ફેકટરીઓ, કોમર્શિયલ સેકટર, બેન્કિંગ અને અન્ય ક્ષેત્રોમાં કામ કરતા કર્મચારીઓને લાગુ પડશે. સરકારી પરિપત્ર મુજબ પેઇડ રજાનો લાભ લોકસભા મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોને મળશે પછી ભલે તેઓ મતવિસ્તારની બહારના સ્થળોએ કામ કરતા હોય.**

**RNU અમદાવાદ**

---

RNU

## લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત જિલ્લામાં સ્વીપ દ્વારા પ્રવૃતિ

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લામાં **SVEEP** હેઠળ સમગ્ર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં સતત વિવિધ મતદાર જાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ત્યારે લખપત તાલુકાની નરા પ્રાથમિક શાળા ખાતે મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં રેલી તથા શાળામાં રંગોળી સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધા વગેરે પ્રવૃત્તિ મતદાનની ટકાવારી વધે તે ઉદ્દેશ્યથી છાત્રો દ્વારા કરવામાં આવી હતી.

મા.ખા.

---------------------------------------------------------------------

## ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ-ગુડી પડવો

આજથી ચૈત્રી નવરાત્રીનો આરંભ થાય છે. હિન્દુ પંચાંગ અનુસાર વર્ષમાં ચાર નવરાત્રી આવે છે. મહા અને અષાઢ ગુપ્ત નવરાત્રી કહેવાય છે. ચૈત્ર અને આસો નવરાત્રી ભકિતભાવ પૂર્વક ઉજવાય છે. નવ દિવસ દરમ્યાન પૂજન અર્ચન, સમૂહ શક્રાદય પઠન કરવામાં આવે છે. કચ્છમાં પશ્ચિમે આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢ અને ભુજમાં આશાપુરા માતાજીના મંદિરે ગઈ સાંજે ઘટ સ્થાપન વિધિ સાથે આ પર્વનો પ્રારંભ થયો છે. પૂર્વમાં રવેચી માતાના સ્થાનક સહિત જિલ્લાભરમાં ભક્તિ ભાવ પૂર્વક આ પર્વ ઉજવાઈ રહ્યું છે.

આજે ચૈત્રી નવ વર્ષની શરૂઆત થાય છે. આજે મહારાષ્ટ્રીયન લોકો એમના નૂતન વર્ષ ગુડી પડવાની ઉજવણી કરી રહ્યા છે. કચ્છમાં વસતા મહારાષ્ટ્રીયન સમાજ આ પર્વની પરંપરાગત ઉજવણી કરે છે.

પદ્ગણીભાઈ

---------------------------------------------------------------------

## આઈપીએલ

આઇપીએલની ગઈકાલે રમાયેલ મેચમાં ચેન્નઇ સુપર કિંગ્સ ટીમે કોલકતા નાઈટ રાઇડર્સ ટીમને **7** વિકેટે હરાવી ચેન્નઇ ખાતેની મેચમાં ત્રીજી સફળતા મેળવી હતી. કોલકતા ટીમે **9** વિકેટ ગુમાવી **137** રન કર્યા હતા. જવાબમાં ચેન્નઇએ **3** વિકેટના ભોગે **141** રન કરી મેચ જીતી લીધી હતી.

પટ્ટણીભાઈ

--------------------------------------------------------------------------------

## હવામાન વિભાગ દ્વારા હળવાથી મધ્યમ વરસાદની આગાહી

હવામાન વિભાગે ગુજરાતના દરિયાકિનારા વિસ્તારોમાં મહત્તમ તાપમાન તેમજ ભેજવાળું હવામાન રહેવાની આગાહી કરી છે.

તો બીજીતરફ, રાજ્યમાં ઘણા સ્થળે આગામી સાત દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

ગુજરાતમાં અને દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી ચાર દિવસ સુધી હવામાન શુષ્ક રહેશે. એના પછીના બે દિવસ દરમિયાન કચ્છ સહિત વલસાડ, નવસારી, સુરત, બનાસકાંઠા જિલ્લામાં હળવો વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જિલ્લા મથક ભુજ ખાતે મહતમ ઉષ્ણતામામન **41.7** ડિગ્રી સેલ્સીયસ, જયારે નલિયા ખાતે **40** ડિગ્રી, કંડલા બંદર ખાતે **37.3,** કંડલા હવાઈ મથક **40.7** ડિગ્રી સેલ્સીયશ જેટલું ઉંચુ રહેતા જિલ્લા વાસીઓએ આકરા તાપ અને તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો.

**RNU અમદાવાદ/N.P**

--------------------------------------------------------------------------------

RNU BHC